# નાગરિકોને રખડતા ઢોરના ત્રાસથી મુક્તિ માટે સરકાર પ્રતિબધ્ધ

**પશુપાલકો પાસે વ્યવસ્થા ન હોય તો પોતાના પશુ ઢોરવાડામાં મુકી શકશે, જેની સારસંભાળ સરકાર રાખશે : ઢોરના ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ પણ સરકાર ભોગવશે**

ગાંધીનગર, તા.૨૪

પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણી એ જણાવ્યું છે કે, રાજ્યના નાગરિકોને રખડતા ઢોરોના ત્રાસથી મુક્તિ અપાવવા માટે રાજ્ય સરકારે મક્કમ નિર્ધાર કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નિર્દેશન હેઠળ રાજયના પશુપાલકો, નાગરિકો કે પશુઓ કોઈને તકલીફ ન પડે તે પ્રકારની વ્યવસ્થા ઉભી કરાશે. પશુપાલકો પાસે વ્યવસ્થા ન હોય તો પોતાના પશુ ઢોરવાડામાં મુકી શકશે, જેની સંપૂર્ણ સારસંભાળ રાજ્ય સરકાર રાખશે. એટલુ જ નહિ, ઢોરવાડા સુધી રખડતા ઢોરને પહોંચાડવા માટેના ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ પણ રાજ્ય સરકાર ભોગવશે. રાજયની ૦૮ મહાનગર પાલિકાઓ અને ૧૫૬ નગરપાલિકાઓમાં ઢોર વાડા બનાવવામાં આવશે. તે માટે રૂ.૧૦ કરોડની અલગથી જોગવાઈ કરવામાં આવશે અને જરૂર પડે તેમાં વધારો કરવામાં પણ આવશે. પકડેલા ઢોર માટે પાણી, શેડ સહિતની તમામ જરૂરી વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ચોમાસા દરમ્યાન પશુપાલકો પાસે પશુઓ રાખવા માટે પુરતી જગ્યા કે અન્ય વ્યવસ્થા ન હોવાને કારણે પશુઓને રોડ ઉપર છોડી દેવામાં આવે છે,જેના પરિણામે પશુઓની સંખ્યા રોડ ઉપર વધુ પ્રમાણમાં જોવા મળે છે. જે બાબત ધ્યાને લઈને જે પશુપાલકો પાસે આવી વ્યવસ્થા ન હોય તે પશુપાલકો સંબંધિત મહાનગરપાલિકા કે નગર પાલિકાના ઢોરવાડામાં પશુઓ મુકી શકે એ માટેની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. પ્રવકતા મંત્રીએ વધુમાં ઉમેર્યુ કે, આ માટે સંબંધિત મહાનગરપાલિકા/ નગર પાલિકાઓને પશુપાલકો ઢોરને ઢોરવાડામાં મુકવા આવે ત્યારે તેને વિના મૂલ્યે રાખવાની સૂચનાઓ આપી દેવાઈ છે.અને પશુઓને પુરતી સગવડો પણ આપવાની રહેશે. પશુપાલકોને પશુઓ સંબંધિત મહાનગરપાલિકા / નગરપાલિકાના ઢોરવાડામાં મુકવા માટે જે ટ્રાન્સપોર્ટેશન અંગે થનાર ખર્ચ હાલ સંબંધિત મહાનગર પાલિકા / નગરપાલિકાએ ભોગવવશે. રાજયની નગર પાલિકા-મહાનગર પાલિકા વિસ્તારોમાં રખડતા ઢોરને શહેરી વિસ્તારમાં પકડવા ખાસ ઝૂંબેશ હાથ ધરવામાં આવી રહી છે.

## આમ આદમી પાર્ટીનું સદસ્યતા અભિયાન




ગાંધીનગર, તા.૨૪

આજે બપોરે ચ-૫ સર્કલ પાસે સેક્ટર-૧૭માં સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે આમ આદમી પાર્ટીનું સદસ્યતા અભિયાન યોજાયું હતું જેમાં પાર્ટીના પ્રદેશ નેતા ઈસુદાન ગઢવી ઉપસ્થિત રહ્યાં હતાં અને પાર્ટીમાં નવા જોડાનારા સભ્યોને તેમણે આવકારવા સાથે આગામી વિધાનસભાની ચુંટણીઓમાં ભાજપને પરાસ્ત કરવા કામે લાગવા આહવાન કર્યું હતું. આ પ્રસંગે કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના સ્થાનિક અગ્રણી નેતાઓ મુકેશ પટેલ, રીનાબેન રાવલ, સૂર્યસિંહ ડાભી, રણજીતસિંહ વાઘેલા, તુષાર પરીખ સહિત હોદેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમનો પ્રારંભ દેશભક્તિના ગીતોથી કરવામાં આવ્યો હતો.

## આગામી ૨૭મીએ રીવરફ્રન્ટ ખાતે ખાદી ઉત્સવમાં પ્રધાનમંત્રી હાજરી આપશે

ગાંધીનગર, તા.૨૪

પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદમાં પ્રધાનમંત્રીના ગુજરાત પ્રવાસની વિગતો આપતા જણાવ્યું હતું કે, ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી આગામી તા. ૨૭ અને ૨૮ ઓગષ્ટ, ૨૦૨૨ દરમિયાન ગુજરાતના બે દિવસીય પ્રવાસે આવી રહ્યાં છે. તેમણે પ્રધાનમંત્રીના પ્રવાસની વિગતવાર માહિતી આપતાં કહ્યુ હતું કે, પ્રધાનમંત્રી તા.૨૭મીને શનિવારે અંદાજે સાંજે અમદાવાદ એરપોર્ટ ખાતે આગમન થશે ત્યાર બાદ સાંજે ૭.૩૦ કલાકે અમદાવાદ સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાનાર 'ખાદી ઉત્સવ' કાર્યક્રમમાં હાજરી આપશે. કાર્યક્રમ બાદ પ્રધાનમંત્રી રાજભવન, ગાંધીનગર ખાતે રાત્રિ રોકાણ કરશે. તા. ૨૮ ઓગષ્ટ ૨૦૨૨ રવિવારે સવારે ૧૦ કલાકે કચ્છના ભુજ ખાતે નિર્માણ કરાયેલા 'સ્મૃતિ વન મેમોરિયલ'ની મુલાકાત લઈ તેનું ઉદઘાટન કરશે. આ મુલાકાત બાદ પ્રધાનમંત્રી સવારે ૧૧:૩૦ કલાકે ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્મા-KSKV યુનિવર્સિટી ગ્રાઉન્ડ, ભુજ ખાતે યોજાનાર જાહેર કાર્યક્રમમાં ઉપસ્થિત રહી જનસંબોધન કરશે. આ ઉપરાંત પ્રધાનમંત્રી મોદી બપોરે ૧૨.૦૦ કલાકે ભુજથી વિવિધ વિકાસ પ્રોજેક્ટના ખાતમુહૂર્ત તેમજ તૈયાર પ્રકલ્પો રાષ્ટ્રને સમર્પિત કરીને રાજભવન, ગાંધીનગર પરત ફરશે. ત્યાર બાદ પ્રધાનમંત્રી મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે સાંજે ૫.૦૦ કલાકે યોજાનાર 'ભારતમાં સુઝુકીના ૪૦ વર્ષ' સ્મૃતિ કાર્યક્રમમાં વિશેષ હાજરી આપશે અને અંદાજે સાંજે ૬.૪૦ કલાકે દિલ્હી જવા રવાના થશે એમ પ્રવકતા મંત્રીએ ઉમેર્યું હતું.

## આજે જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૨૪

આજે ગાંધીનગર જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા જિલ્લા પંચાયતના સરદાર પટેલ હોલમાં મળશે. બપોરે બે વાગે મળનારી આ ખાસ સામાન્ય સભામાં કારોબારી સમિતિના ચેરમેને હોદ્દા પરથી તેમજ સમિતિના સભ્યપદેથી આપેલા રાજીનામાનો સ્વીકાર કરવાનો મુદ્દો એજન્ડામાં છે. અન્ય કોઈ ખાસ મહત્વના મુદ્દા છે નહિ.આજે કારોબારી સમિતિમાં ચેરમેનના સમિતિના સભ્યપદેથી રાજીનામુ આપતાં ખાલી પડેલી બેઠક પર કોની નિમણુંક થાય છે તેને લઈ થોડીક ચર્ચાઓ થઈ હતી. જોકે પક્ષ દ્વારા આ અંગેનો નિર્ણય બંધ કવરમાં બેઠક પૂર્વે મોકલી આપવામાં આવશે તેમ જાણવા મળેલ છે. ખાલી પડેલ સભ્યપદ માટે ૬ થી વધુ દાવેદારોએ દાવો કર્યો હોવાનું પક્ષના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. સમિતિના સભ્યની નિમણૂંક થયા પછી ૧૫ દિવસમાં સમિતિની બેઠકમાં નવા ચેરમેનની નિમણૂંક માટે બેઠક મળશે આમ હજુ સપ્ટેમ્બરની મધ્યમાં નવા કારોબારી ચેરમેન મળશે તેમ મનાઈ રહ્યુ છે. આજની બેઠક એ ખાસ સામાન્ય સભા હોવાથી પ્રશ્નોત્તરી રજુ થશે નહિ માત્ર વહીવટીય કામગીરી જ છે. આ બેઠકને ભાજપ અને કોંગ્રેસ બન્ને રૂટીન બેઠક લેખાવી રહ્યા છે.

### ગુજરાત સાયન્સ સિટી ખાતે

## સાયન્સ ઓલિમ્પિયાડ અંતર્ગત ઓરીએંટેશન પ્રોગ્રામનું આયોજન

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત સાયન્સ સિટી દ્વારા ગુજકોસ્ટના સહયોગથી, વિજ્ઞાનની વિવિધ શાખાઓમાં વિદ્યાર્થીઓની જિજ્ઞાસાને વેગ આપવા અને તેમને આત્મનિર્ભર ભારત માટે પ્રોત્સાહિત કરવા ૫ થી ૭ સપ્ટેમ્બર દરમિયાન ધોરણ ૧૦થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે સાયન્સ ઓલિમ્પિયાડ અંતર્ગત ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ અને વિષય નિષ્ણાતો વચ્ચેના સંવાદ હાથ ધરવામાં આવશે. આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન ઓલિમ્પિયાડ એ માધ્યમિક શાળા સ્તરે વિશ્વના સૌથી પ્રતિભાશાળી વિજ્ઞાનના વિદ્યાર્થીઓ માટે વાર્ષિક સ્પર્ધા છે. વિશ્વભરના રાષ્ટ્રો ચાર વિદ્યાર્થીઓની એક ટીમ મોકલે છે કે જેઓ તેમના વિજ્ઞાનના જ્ઞાન અને કૌશલ્ય પર પાંચ કલાકની પ્રયોગશાળા પ્રેક્ટિકલ અને પાંચ કલાકની લેખિત સૈદ્ધાંતિક પરીક્ષામાં પરીક્ષણ કરે છે જે સામાન્ય રીતે થિયરીની પરીક્ષા પહેલા પ્રાયોગિક પરીક્ષા સાથે અલગ-અલગ દિવસોમાં લેવામાં આવે છે. ઈન્ટરનેશનલ જુનિયર સાયન્સ ઓલિમ્પિયાડ (આઈજએસઓ) સ્પર્ધા વર્ષના તા.૩૧મી ડિસેમ્બરના રોજ સોળ વર્ષથી ઓછી ઉંમરના વિદ્યાર્થીઓ માટે નેચરલ સાયંસિસ માં વાર્ષિક વ્યક્તિગત અને ટીમ સ્પર્ધા છે. આઈજેએસઓની સ્થાપના યુવાનોના સામાન્ય શિક્ષણમાં અને તેમના જીવનના તમામ પાસાઓમાં પ્રાકૃતિક વિજ્ઞાનના મહત્વને માન્યતા આપવા માટે કરવામાં આવી છે. તે એક સંપૂર્ણ શૈક્ષણિક ઈવેંટ છે. પરીક્ષાની તારીખો અનુસાર એનએસઈપી (ભૌતિકશાસ્ત્ર) રવિવાર, ત.૨૭ નવેમ્બર ૨૦૨૨, એનએસઈસી (રસાયણ શાસ્ત્ર) રવિવાર, ૨૭ નવેમ્બર ૨૦૨૨, એનએસઈબી (બાયોલોજી) રવિવાર, ૨૭ નવેમ્બર, ૨૦૨૨, એનએસઈએ (ખગોળશાસ્ત્ર) શનિવાર, ૨૬ નવેમ્બર, ૨૦૨૨, એનએસઈજેએસ (જુનિયર ઓલિમ્પિયાડ) રવિવાર, નવેમ્બર ૨૭, ૨૦૨૨ના રોજ યોજાશે. ઈન્ટરનેશનલ સાયન્સ ઓલિમ્પિયાડ માટે રજીસ્ટ્રેશન તા.૨૨મી ઓગસ્ટથી તા.૧૪મી સપ્ટેમ્બર વચ્ચે થશે વધુ માહિતી https://www.iapt.org.in/ પરથી મેળવી શકાશે.

### ઓલિમ્પિયાડમાં મેડલ-પુરસ્કાર કેવી રીતે અપાય છે?

ઓલિમ્પિયાડમાં તમામ ભાગ લેનારાઓને તેમના વ્યક્તિગત સ્કોર્સના આધારે ક્રમ આપવામાં આવે છે અને કોઈ સત્તાવાર ટીમ સ્કોર્સ આપવામાં આવતા નથી. ટોપના ૧૨ ટકા વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ આપવામાં આવે છે, આગામી ૨૨ ટકા વિદ્યાર્થીઓને સિલ્વર મેડલ આપવામાં આવે છે અને પછીના ૩૨ ટકા વિદ્યાર્થીઓને બ્રોન્ઝ મેડલ આપવામાં આવે છે. જેઓ મેડલ જીતતા નથી પરંતુ થિયરી અથવા પ્રેક્ટિકલમાં સંપૂર્ણ સ્કોર કરે છે તેમણે ઉલ્લેખપત્ર મળે છે. જે વિદ્યાર્થી ઓવરઓલ સૌથી વધુ સ્કોર કરે છે તેને ખાસ એવોર્ડ અપાય છે. થિયરી અને પ્રેક્ટિકલ પરીક્ષાઓમાં શ્રેષ્ઠ સ્કોર મેળવનાર વિદ્યાર્થીઓને બે અલગ-અલગ વિશેષ પુરસ્કારો આપવામાં આવે છે.

## સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલિસી ૨.૦ અંતર્ગત "હેકાથોન-૨૦૨૨"નું આયોજન

**૨૨-૨૩ સપ્ટેમ્બરે રિજીયોનલ રાઉન્ડ તથા તા.૨૭-૨૮ સપ્ટેમ્બરે ગ્રાન્ડ ફિનાલે**

ગાંધીનગર, તા.૨૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી ૨.૦ અંતર્ગત આઝાદી કા અમૃત મહોત્સવ હેકાથોન-૨૦૨૨ માટે મળેલા ૭૭૫ થી વધુ પ્રોબ્લેમ સ્ટેટમેન્ટના કોમ્પાઈલેશનનું ગાંધીનગરમાં વિમોચન કર્યુ હતું. એટલું જ નહિ, Scope ની વાર્ષિક ગતિવિધિઓની વિસ્તૃત વિગતો ધરાવતા એન્યુઅલ કેલેન્ડર ઓફ એક્ટિવીટીઝને પણ મુખ્યમંત્રીશ્રીએ લોંચ કર્યુ હતું. શિક્ષણ મંત્રી જિતુભાઇ વાઘાણી, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી પ્રદીપ ભાઈ પરમાર, ટીચર્સ યુનિવર્સિટીના હર્ષદભાઈ પટેલ, જીટીયુના વાઈસ ચાન્સેલર શેઠ, કે.સી.જીના એ.યુ.પટેલ તેમજ શિક્ષણના અગ્ર સચિવ હૈદર અને વરિષ્ઠ અધિકારીઓ આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષણ મંત્રી જીતુ ભાઈ વાઘણીએ આ અંગેની વિગતો મુખ્યમંત્રીને આપી હતી. તે અંતર્ગત સરકારી વિભાગો, કચેરીઓ અને ઉધોગો તરફથી ૭૭૫ થી વધુ પ્રોબ્લેમ્સ સ્ટેટમેન્ટ મળેલા છે .

સરકારના વિવિધ વિભાગોના ૧૫૨, સરકારી કચેરીઓના ૪૮૯ અને ઉદ્યોગ ગૃહોના ૧૪૨ પ્રોબ્લેમ સ્ટેટમેન્ટનો આમાં સમાવેશ થાય છે. આ સ્પર્ધામાં ગુજરાતની કોઈપણ કોલેજ/યુનિવર્સિટીમાં કોઈપણ સ્ટ્રીમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી અને શાળાઓના વિદ્યાર્થીઓ (૯ થી ૧૨ ધોરણ) મળી આશરે ૧૨૦૦૦ જેટલા વિધ્યાર્થીઓ ભાગ લેશે તેવો અંદાજ રાખવામા આવ્યો છે.

આ સ્પર્ધા અન્વયે સમસ્યાઓના ઉકેલ શોધી તેના પ્રોટોટાઈપ કે મોડેલ તૈયાર કરવા માટે ૨ દિવસની રિજીઓનલ રાઉન્ડ અને ગ્રાન્ડ ફિનાલે રાજયની જુદી જુદી સંસ્થાઓ ખાતે માટે યોજવામાં આવશે જેમાં ટીમ દ્વારા પ્રેઝન્ટેશન, મેન્ટર દ્વારા મેંટરીંગ અને જયુરી દ્વારા મૂલ્યાંકન જેવી એક્ટિવિટી થશે. ટીમ રજીસ્ટ્રેશન ઓગસ્ટ ૨૦૨૨ના ચોથા અઠવાડિયામાં શરૂ થશે.

આ સ્પર્ધાનો રિજીઓનલ રાઉન્ડ આગામી ૨૨-૨૩ સપ્ટેમ્બર ૨૦૨૨ અને ગ્રાન્ડ ફિનાલે ૨૭-૨૮ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ યોજાશે. વિજેતા ટીમને પ્રૂફ ઓફ કોન્સેપ્ટ / પ્રોટોટાઈપ બનાવવા રૂ ૨,૫૦,૦૦૦/-ની સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી સહાય કરવામાં આવશે. વિજેતાઓને મુખ્યમંત્રીના હસ્તે ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૨ ના રોજ ઈનામ વિતરણ કરવામાં આવશે.

## દિવ્યાંગો એસટીની આંતર-રાજય બસ સેવામાં વિનામૂલ્યે મુસાફરી કરી શકશે

ગાંધીનગર, તા.૨૪

પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું છે કે, રાજ્યના દિવ્યાંગોને સહાયરૂપ થવા માટે રાજ્ય સરકાર અનેકવિધ નવતર પગલાં લઈ રહી છે. જેના ભાગરૂપે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે દિવ્યાંગોને સહાયરૂપ થવા માટે GSRTCની તમામ બસોમાં રાજ્ય બહાર મુસાફરી દરમિયાન બસ રૂટના રાજ્ય બહાર આવેલા છેલ્લાં સ્ટેશન સુધી વિનામૂલ્યે/નિશૂલ્ક મુસાફરી યોજનાઓ લાભ આપવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્યના દિવ્યાંગ વ્યક્તિઓને અભ્યાસ, સારવાર, નોકરી ધંધાના સ્થળે અને અન્ય સામાજિક કારણસર ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ-GSRTCની બસોમાં પ્રવાસ કરવા માટે વિનામૂલ્યે મુસાફરી કરવાની યોજના અમલમાં છે. જે માટે કોઈ આવક મર્યાદા નથી. આ યોજના અંતર્ગત અત્યાર સુધી રાજ્યની અંદર આવેલા છેલ્લાં બસ સ્ટેશન સુધી રાજ્ય બહાર મુસાફરી કરવાના કિસ્સામાં લાભ આપવામાં આવતો હતો. હવે તેમાં ફેરફાર કરીને દિવ્યાંગોને જીએસઆરટીસીની તમામ બસોમાં રાજ્ય બહાર મુસાફરીના કિસ્સામાં બસ રૂટના રાજ્ય બહાર આવેલા છેલ્લાં સ્ટેશન સુધી વિનામૂલ્યે મુસાફરી યોજનાઓ લાભ આપવામાં આવશે. તેમણે ઉમેર્યું કે, GSRTC દ્વારા રાજ્ય બહાર અંદાજિત ૧૬૮ બસ રૂટ ઉપર એસટી બસો પરિવહન કરે છે. ગત કેલેન્ડર વર્ષમાં આ યોજના હેઠળ ૬૦ લાખ દિવ્યાંગ વ્યક્તિઓને ટિકિટનો તથા ૯ લાખ તેમના સહાયકોને ટિકિટનો લાભ આપી રૂ.૨૮ કરોડથી વધુનો ખર્ચ રાજય સરકારે કર્યો હતો. નવીન નિર્ણયના પરિણામે ૩.૧૮ લાખ દિવ્યાંગ બસ પાસ ધારકોને લાભ થશે. આ માટે અંદાજિત રૂ. ૨.૫ કરોડનું ભારણ દિવ્યાંગો વતી રાજય સરકાર વહન કરશે તેમ તેમણે ઉમેર્યું હતું.

## કેનેડા ખાતે ૬૫મી કોમનવેલ્થ પાર્લામેન્ટરી કોન્ફરન્સમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતાં નીમાબેન આચાર્ય



૬૫મી કોમન વેલ્થ પાર્લામેન્ટરી એસોસિયેશન દ્વારા કેનેડા દેશના હેલીફેકસ ખાતે યોજાનાર કોન્ફરન્સમાં ભાગ લેવા ડેલીગેટ તરીકે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ડો.નિમાબેન આચાર્ય તેમજ ઓબ્ઝર્વર તરીકે ધારાસભ્ય શૈલેષભાઈ પરમાર ગુજરાતથી કેનેડા જવા રવાના થયા છે. પ્રથમ દિવસે કોમનવેલ્થ દેશોના મહિલા પ્રતિનિધિઓની સાતમી કોમનવેલ્થ વુમન પાર્લામેન્ટરીયન્સ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. વિશ્વના અન્ય દેશોના લોકસભા અને વિધાનસભાના સ્પીકર્સ અને મહિલા પ્રતિનિધિઓએ સાથે પણ તેમણે લોકશાહી વ્યવસ્થાનું સુચારૂ સંચાલન અંગે વિચાર વિમર્શ કર્યો હતો. વિધાનસભાના અધ્યક્ષ નીમાબેન આચાર્યએ વૈશ્વિક ફલક ઉપર ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.



મહેસાણા જિલ્લા વહીવટીતંત્ર અને મહેસાણા દૂધ સાગર ડેરીના સંયુક્ત ઉપક્રમે પ્રાકૃતિક કૃષિ સંમેલનમાં મહેસાણા દૂધ સાગર ડેરી સેલમાં રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે સંબોધન કર્યુ હતુ તે અંગેની તસ્વીરમાં દૂધ સાગર ડેરીના ચેરમેન અશોકભાઈ ચૌધરી, સાંસદ શારદાબેન પટેલ, સાંસદ જુગલજી ઠાકોર, મહેસાણા જિલ્લા કલેક્ટર ઉદિત અગ્રવાલ નજરે પડે છે.

## ડ્રીમફોલ્ક્સ સર્વિસીસ લિમીટેડનો આઈપીઓ ખુલ્યો

ડ્રીમફોલ્કસ સર્વિસીસ લિમીટેડનો આઈપીઓ ૨૪ ઓગસ્ટને બુધવારના રોજ ખુલી ચુકયો છે. ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂા.૩૦૮થી ૩૨૬ નક્કી થઈ છે. બિડ્સ લઘુત્તમ ૪૬ ઈક્વિટી શેર માટે થઈ શકશે અને પછી ૪૬ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે.

આઈપીઓમાં પ્રમોટર વિક્રેતા શેરધારકો દ્વારા ૧૭,૨૪૨,૩૬૮ સુધીના ઈક્વિટી શેરના વેચાણની ઓફર સામેલ હશે. વેચાણ માટેની ઓફરમાં મુકેશ યાદવના ૬,૫૩૧,૨૦૦ ઈક્વિટી શેર, દિનેશ નાગપાલના ૬,૫૩૧,૨૦૦ ઈક્વિટી શેર અને લિબેરથા પીટર કલ્લાટ દ્વારા ૪,૧૭૯,૯૬૮ ઈક્વિટી શેર સામેલ હશે. ઓફર સિકયોરીટી કોન્ટ્રાકટસ (રેગ્યુલેશન) રૂલ્સ, ૧૯૫૭ના નિયમ ૧૯(૨)(બી)ની દ્રષ્ટીએ, સિકયોરીટી એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (ઈશ્યુ ઓફ કેપિટલ એન્ડ ડિસ્કલોઝ રિક્વાયરમેન્ટ્સ) નિયમત, ૨૦૧૮ (SEBI ICDR નિયમનો) ના નિયમન ૩૧ સાથે વાંચીને તેમજ SEBI ICDR નિયમનોના નિયમન ૬(૨) સાથે સુસંગત બુક બિલ્ડીંગ પ્રક્રિયા મારફતે રજૂ કરવામાં આવી છે. અને SEBI ICDR નિયમનોના નિયમન ૬(૨) સાથે સુસંગત છે. જેમાં ઓફરનો ઓછામાં ઓછો ૭૫ ટકા હિસ્સો સપ્રમાણ આધારે કવોલિફાઈડ ઈન્સ્ટિટયુશનલ બાયર્સ (QIBs) (આ પ્રકારનો હિસ્સો QIB પોર્શન)ને ફાળવવામાં આવશે. જેમાં શરત એ છે કે, કંપની BRLMs સાથે ચર્ચા કરીને વિવેકાધીન ધોરણે એન્કર રોકાણકારોને ક્યુઆઈબી પોર્શનનો ૬૦ ટકા હિસ્સો ફાળવશે. (એન્કર રોકાણકાર હિસ્સો) જેમાંથી SEBI ICDR નિયમનો મુજબ, એક તૃતિયાંશ હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ માટે અનામત રાખવામાં આવશે. જે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ પાસેથી એન્કર રોકાણકાર ફાળવણીની કિંમત પર કે એનાથી વધારે કિંમત પર માન્ય બિડ મળવાને આધિન છે.

### ખોદકામના અંતે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરના સે-૧ થી ૩૦ સેકટરોમાં હાલ જે ગટર લાઈન છે. જેની પહોળાઈ ૧૫૦ મીલિમીટર અલબત્ત ૬ ઈંચ જેટલી છે. શહેરની સ્થાપના સમયે એ મુજબની વસતીને ધ્યાનમાં રાખીને આ લાઈન નાંખવામાં આવી હતી જયારે હાલની સ્થિતિએ અલગ ચિત્ર છે. સેકટરોમાં માનવ વસતીની સંખ્યા ૨ લાખ આસપાસ પહોંચી છે. જયારે લાઈનો પણ જુની અને કટાયેલી થઈ ગઈ હોવાથી ઠેર ઠેર કચરો ફસાઈ જાય છે. જેના લીધે કુંડીની સંપુર્ણ સફાઈના અંતે પણ સમસ્યાનો કાયમી નિકાલ આવતો નથી. હાલની સ્થિતિએ ગટર લાઈન ટેકનિકલી પણ પુરતી નથી. અલબત્ત સાંકડી અને જુની લાઈન ગટરની જટીલ સમસ્યા માટે જવાબદાર છે. ત્યારે ગટરો ઉભરાવાની અને જામ થવાની ફરિયાદો રોજીંદી બનવા પાછળ કાટમાળ , માટી અને ડામર સહીતનો કચરો લાઈનમાં ઠલવાતો હોવાનો આક્રોશ પણ ઉઠવા પામ્યો છે. જેટીંગ મશીનથી સફાઈ કરતી વેળાએ પણ કચરો પાઈપલાઈનમાં જમા થઈ જતા સમસ્યા ઠેરની ઠેર જ રહે છે.

### જોખમી મકાનો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહ્યો છે. સે -૯ માં જુના આવાસો તોડવાનુ કામ પુર્ણતાના આરે છે. જયારે હવે સે-૨૮ અને સે-૨૯ માં જુના અલબત્ત જોખમી આવાસો તોડવામાં આવશે આ મામલે તંત્ર કક્ષાઅથી જ , છ અને ચ કક્ષાના જોખમી આવાસો તોડવા માટે અગાઉ વિભાગને દરખાસ્ત કરી હતી જેના અંતે આ બન્ને સેકટરોમાં ટુંકમાં જ અંદાજિત ૪૦૦ જેટલા જુના અને જોખમી મકાનો તોડવાનુ કામ હાથ ધરવામાં આવશે. શહેરના સે-૧૩ સે-૧૬ , સે-૧૨ અને સે-૬ અને સે-૭ માં પણ અગાઉ જોખમી આવાસો તોડવામાં આવ્યા હતા આવાસોનો કડસુલો કરવા સહીત કેટલાક બ્લોક રહેણાંકને લાયક યોગ્ય કરવા માટે રીનોવેશન હેઠળ પણ આવરી લેવામાં આવ્યા છે.

### દહેશત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફેન્સીંગ મામલે પણ કોઈ પગલા લેવાતા નથી આ ઉપરાંત સ્થાનિકોની ફરિયાદોનુ પણ નિરાકરણ આવતુ નથી. જયારે વરસાદી દિવસોમાં ઠેર ઠેર ઉભા સુકા વૃક્ષો પણ યથાવત સ્થિતિમાં છે. સુકા વૃક્ષો જોખમી હાલતમાં છે. વરસાદી સંજોગોમાં ગમે ત્યારે વૃક્ષો જમીનદોસ્ત થાય તો જાનલેવા અકસ્માત સર્જાય તેવી સ્થિતિ છે. આવા સંજોગોમાં વનતંત્ર સમક્ષ ફરિયાદ કરવા છતા કોઈ પગલા લેવાતા નથી. આ સ્થિતિ વચ્ચે સ્થાનિકોમાં પણ આક્રોશ પ્રવર્તાયો છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં વૃક્ષોનુ ટ્રીમીંગ થતુ નથી જયારે જોખમી વૃક્ષો દુર કરવા રહીશોની ફરિયાદોનો પણ નિકાલ આવતો નથી. વન આરક્ષિત વિસ્તારમાં સફાઈના અભાવ વચ્ચે ગંદકી અને દબાણનો અડ્ડો જોવા મળે છે. વનતંત્રની નિરસતાના લીધે નગર હરિયાળુ બનાવવાની જગ્યાએ બેરન સીટી બનવા તરફ આગળ વધી રહ્યુ છે. વન આરક્ષિત વિસ્તારમાં જ હરિયાળા રોપાઓ સલામત રહ્યા નથી. જયારે સુકાયેલા વૃક્ષો મામલે અગાઉ અનેક વાર સર્વે કરાયા બાદ પણ જોખમી વૃક્ષોની કટોતી કરવામાં આવી નથી. જેના લીધે વરસાદી દિવસોમાં મોટા ડાળાઓ જમીનદોસ્ત થતા સેકટરવાસીઓ માટે જોખમી સ્થિતિનુ નિર્માણ થયુ છે. આ સ્થિતિ વચ્ચે સ્થાનિક રહીશો પણ ગળે આવી ગયા છે. વન મહોત્સવની ઉજવણી વચ્ચે નગરની હરિયાળીનુ જતન અને રક્ષણ કરવામાં નિરસતા દાખવતા વનતંત્ર સામે જન આક્રોશ પ્રબળ બન્યો છે. સેકટરવાસીઓ આગ બબુલા બન્યા છે.

### વરસાદી પેટર્ન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧૪૧.૩૬ ટકા વરસાદ નોંધાયો હતો. જેમાં દહેગામમાં ૯૪૨ મી.મી., ગાંધીનગરમાં ૮૩૯ મી.મી., કલોલમાં ૧૫૦૭ મી.મી. અને માણસામાં ૯૧૭ મી.મી. વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં દહેગામમાં તે વર્ષે સિઝનનો ૧૨૦.૪૨ ટકા, ગાંધીનગરમાં ૧૨૧.૯૩ ટકા, કલોલમાં ૨૦૫.૪૩ ટકા અને માણસામાં ૧૧૪.૫૩ ટકા વરસાદ નોંધાયો હતો.

૨૦૧૬માં જિલ્લામાં સરેરાશ ૪૮૦ મી.મી. વરસાદ નોંધાયો હતો જે ટકાવારીના સાપેક્ષમાં ૬૫.૦૪ ટકા થાય છે.

૨૦૧૫માં જિલ્લામાં ૫૮૪ મી.મી. વરસાદ નોંધાયો હતો જે ટકાવારીના સાપેક્ષમાં ૭૯.૯૩ ટકા થાય છે.

જિલ્લામાં આ વખતે ખંડીય વૃષ્ટી સાથે થોડાક દિવસો સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. જિલ્લામાં ચારેય નદીઓમાં પાણી આવ્યા છે. આ વખતે ભૂગર્ભ જળ રિચાર્જ જરૂર થશે અને ગયા વર્ષે રહેલી ૨૧ ટકાની ઘટ પુરાશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં સતત વરસાદી પેટર્ન બદલાતી રહી છે એટલુ જ નહિ જે હવામાન-પૂર્વાનુમાન હોય છે તેનાથી ઓછો વરસાદ પણ નોંધાયો છે. જિલ્લામાં સતત વરસાદી પેટર્નમાં થતા બદલાવને પગલે પાક પેટર્નમાં પણ બદલાવ થતો જોવા મળી રહ્યો છે.

### હલ્લાબોલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આરોગ્ય ક્રમચારીઓને પગલે સવારથી જ પોલીસે લોખંડી પહેરો ગોઠવી દીધો હતો. આરોગ્ય કર્મચારીઓએ પોતાના પ્રશ્નોનો ઉકેલ નહી આવતા હોબાળો મચાવી વિરોધ પ્રદર્શીત કરી સુત્રોચ્ચાર કર્યા હતા. એક તબક્કે પોલીસ અને કર્મચારીઓ વચ્ચે ઘર્ષણ થાય તેમ પણ લાગી રહ્યું હતું. જયારે છુટા છવાયા રકઝકના બનાવ પણ જોવા મળ્યા હતા.જયારે કર્મચારીઓ રેલી સ્વરુપે માર્ગ પર ફરતા પોલીસે ૨ હજાર કર્મચારીઓને ડીટેઈન કર્યા હતા. જયારે ગુજરાત આરોગ્ય કર્મચારી મહાસંઘના આગેવાનોએ મુખ્યમંત્રીને આવેદન પત્ર પાઠવી સત્વરે યોગ્ય કરવા રજુઆત કરી છે.

### પાણી-પાણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેકટરોમાં શેરી સફાઈ પણ કરવામાં આવતી નથી જેના લીધે વરસાદી માહોલમાં મચ્છરો અને ગંદકીના ઉપદ્રવ વચ્ચે રોગચાળો વધુ જોર પકડે તેવી દહેશત છે. સેકટરવાસીઓ વરસાદી સમસ્યાથી તોબા પોકારી ગયા છે. સતત વરસાદી પાણી ટપકતા સેકટરોના આંતરિક માર્ગો પણ ધોવાઈ ગયા છે. ઉબડ ખાબડ માર્ગો ગંદકી અને કાદવ કિચ્ચડ વચ્ચે સેકટરવાસીઓ મુંઝારો અનુભવી રહ્યા છે.

### વેચવાની

● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકાર ઘણા બિઝનેસમાં પોતાનો હિસ્સો ઘટાડવા માંગે છે અથવા મોટી સરકારી કંપનીઓને બિઝનેસ સોંપવા માંગે છે. તેમાં બેન્કિંગ પણ સામેલ છે. બેક ઉદ્યોગમાં પહેલેથી એસબીઆઈ જેવી મોટી બેન્ક હાજર છે ત્યારે સરકાર પાસે આઈડીબીઆઈ જાળવી રાખવાનું કોઈ કારણ નથી. આઈડીબીઆઈના વેચાણમાં સફળતા મળશે તો બીજા પબ્લિક સેક્ટર યુનિટના વેચાણમાં પણ વેગ આવી શકે છે. સરકાર દર વર્ષે ડિસઈન્વેસ્ટમેન્ટ માટે ઉંચો ટાર્ગેટ રાખે છે, પરંતુ તેને ૧૦૦ ટકા પ્રાપ્ત કરવામાં સફળતા મળતી નથી.

સરકારે સૌથી પહેલા ફેબ્રુઆરી ૨૦૨૧માં આઈડીબીઆઈ બેન્કના ખાનગીકરણની યોજના જાહેર કરી હતી. તે મુજબ આ પ્રાઈવેટાઈઝેશન કામગીરી ૩૧ માર્ચ ૨૦૨૧ સુધીમાં પૂરી કરવાની હતી. પરંતુ આ કામગીરી થઈ શકી નથી.

### સૂત્રોચ્ચાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પોતાના મતભેદો અલગ અલગ વર્ષ ૨૦૨૪ના લોકસભા ચૂંટણીમાં સત્તારુઢ ભારતીય જનતા પાર્ટી ભાજપ વિરુદ્ધ એકઝુટ થવાનું આહ્વાહન આપ્યુ હતુ. તેમજ આમ આદમી પાર્ટીની સાથે ઉભા ન રહેવા બાબતે પણ કોંગ્રેસની પણ ઝાટકણી કાઢી હતી.

પવારે કહ્યું કે, અમારીવાસ્તવિક લડાઈ બીજેપી સાથે છે, અમારી લડાઈ સાંપ્રદાયિક તાકતોની સાથે છે, એનસીપી પ્રમુખે કહ્યું કે, આપણે કોઈ એવુ પગલુ ન ભરવુ જોઈએ,જેનાથી પ્રત્યક્ષ અથવા પરોક્ષ રુપથી સાંપ્રદાયિક તાકતોને લાભ મળે. આ બાત દરેક કોઈને યાદ રાખવી જોઈએ.